# ગુજરાતની ટીમ અંડર-૧૭ મહિલા હેન્ડબોલ રાષ્ટ્રીય સ્પર્ધામાં સેમી ફાઈનલમાં

ગાંધીનગર, તા. ૨૦
સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા હિમાચલપ્રદેશના બિલાસપુર ખાતે ૫૯મી નેશનલ આવશે. સ્પર્ધામાં દેશના ૨૮ રાજ્યોની ટીમોએ અલગ અલગ ૬ ગ્રુપ બનાવી રમવામાં આવશે.

અંડર-૧૭ મહિલા સ્પર્ધામાં ગુજરાતની ટીમ તા.



સ્કૂલગેમ હેન્ડબોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતની ટીમે સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે.

તાજેતરમાં હિમાચલ પ્રદેશના બિલાસપુર ખાતે નેશનલ સ્કૂલગેમ અંડર-૧૭ મહિલા હેન્ડબોલનું આયોજન કરવામાં આવ્યું છે. સ્કૂલગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલી હેન્ડબોલ સ્પર્ધા તા. ૧૬ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર દરમ્યાન યોજવામાં ૧૦ ડિસેમ્બરના રોજ જમ્મુ કાશ્મીર ખાતે યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાભારતી ટીમને હરાવી ગુજરાતની ટીમ વિજેતા થઈ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. તેમજ આજરોજ તા. ૨૦ ડિસેમ્બરના રોજ ક્વાર્ટર ફાઈનલમાં યુ.પી.ની ટીમને ૧૧-૧૦ ગોલ થી હરાવીને ગુજરાતની ટીમે સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતની ટીમે સ્પર્ધામાં અજેય રહી છે.



## નવા સચિવાલય એન્ટ્રી ગેટ પર વાહનચેકીંગ કરતા જમાદારને કારચાલકે અડફેટે લીધા

નવા સચિવાલય ગેટ નં.૪ ખાતે પોલીસ દ્વારા સવારે સઘન વાહન ચેકીંગ ચાલી રહ્યું હતું. તે દરમિયાન ઉતાવળે ઓફીસ પહોંચવાની લ્હાયમાં સેકશન ઓફીસર કક્ષાના એક અધિકારીએ પોતાની ગાડી વાહનચેકીંગ કરી રહેલા હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ કરશનભાઈ પર ચઢાવી દીધી હતી. જમાદાર આશરે ૧૦ ફૂટ જેટલા ઢસડાયા હતા. કેમ કે અકસ્માત બાદ તેમના પગ ગાડીના બમ્પરમાં ફસાઈ ગયા હતા. જો કે આ અકસ્માતમાં કોઈ ફરિયાદ નોંધાવા પામી નથી.

## આચાર્ય નિવૃત્તિ સમારંભ યોજાયો

ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્ય રતીલાલ વાઘેલા નિવૃત્ત થતા આચાર્ય સંઘના પ્રમુખ દિનેશભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને નિવૃત્ત સન્માન સમારંભ યોજાયો હતો. આ નિવૃત્ત સમારંભમાં નિવૃત્ત થયેલા રતીલાલ વાઘેલાને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની સેવાઓને બિરદાવી તેમને નિવૃત્તિ જીવન અંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિજય હનુમાન આશ્રમ દ્વારા ધમાસણામાં હરિકથા યોજાશે

ગાંધીનગર, તા.૨૦
ધર્નુમાસ નિમિત્તે શ્રી વિજય હનુમાન આશ્રમ ધમાસણા, કલોલ ખાતે તા. ૩૦ ડિસેમ્બરથી તા. ૧ જાન્યુઆરી દરમિયાન હરિકથા અને હનુમાન કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આશ્રમ ખાતે દર વર્ષે પરમાત્માના ગુણલા ગાવા માટે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં દરરોજ બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન પુ. શ્રધ્ધેય સંત બૈદેહી શરણજી (દંડીબાપુ) દ્વારા સુંદરકાંડ પાઠ, હનુમાન કથાનું રસપાન કરાવવામાં આવશે. દંડીબાપુની ચિત્રકુટની રામકથા માટે તા. ૩ જાન્યુઆરી દરમિયાન નામ નોંધવામાં આવશે.

## સે. ૧ અને સે. ૨માં શહેરી બસ સેવા શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર મહાનગરપાલિકાની સૂચનાથી સેક્ટર-૧ અને ૨ ના રહીશોને શહેરી બસસેવાનો લાભ મળી રહે ચેલા શુભ આશયથી તા. ૧૬મી ડિસેમ્બરથી પ્રાયોગિક ધોરણે બસ સેવા શરૂ કરાઈ છે. આ બસનો રૂટ પથિકાશ્રમથી સે. ૫, સે. ૪, સે. ૩, સે. ૨ અને સે. ૧ તેમજ તે મુજબ રીટર્ન સેવા પણ સે. ૧ થી સે. ૨ થઈને પથિકાશ્રમની રહેશે. આ બસ સેવા સવારે ૬.૫૦ વાગ્યાથી સાંજના ૬.૫૦ સુધી અપ અને સવારે ૮ વાગ્યાથી સાંજના ૭.૫૫ સુધી ડાઉન સેવા નિયત સમયાંતરે દિવસ દરમ્યાનનો છે.

# ઓએનજીસી યુનિટમાંથી ચોરી કરતાં બે પૈકી એક શખ્સ રંગે હાથ ઝડપાયો

### ટીંટોડા ગામેથી રૂ. ૧.૨૫ લાખના પાંચ ડીયુનિટ ચોરી કરીને ભાગતો હતો : એકની ધરપકડ : ફરાર શખ્સની શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગર નજીક ટીંટોડા ગામમાં સ્થિત ઓએનજીસીના યુનિટમાંથી ગઈ રાત્રે ડીયુનિટના પાંચ કેબલ કાપી ચોરી કરીને ભાગી રહેલા બે શખ્સો પૈકી એકને ગ્રામજનોએ રંગે હાથ ઝડપી પાડીને પેથાપુર પોલીસને હવાલે કર્યો છે. પેથાપુર પોલીસે રૂ. ૧.૨૫ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરીને ફરાર થઈ ગયેલા બીજા આરોપીની શોધખોળ માટે દોડધામ શરૂ કરી છે.

શહેરને અડીને આવેલા ટીંટોડા ગામની સીમમાં સ્થિત ઓએનજીસી યુનિટમાં ગઈ રાત્રે બે શખ્સો ચોરી કરવા ઘુસ્યા હતાં. ડીયુનિટના પાંચ કેબલોની ચોરી કરીને બંને શખ્સો ભાગી રહ્યા હતાં તે દરમિયાન ગ્રામજનોએ તે પૈકી એકને રંગે હાથ ઝડપી લીધો હતો. મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં સ્થિત ભલગામડા વિસ્તારનો આરોપી સુરેશ કરશન ઠાકોર ઝડપાઈ જતાં તેને પેથાપુર પોલીસને સોંપ્યો હતો. રૂ. ૧.૨૫ લાખની કિંમતના પાંચ ચોરીના કેબલ સાથે પેથાપુર પોલીસે તેની ધરપકડ કરી લઈને ફરાર થઈ ગયેલા આરોપીને શોધી કાઢવા પેથાપુર પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલા તથા તેમની ટીમના માણસોએ દોડધામ શરુ કરી છે.

# ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અંતરિયાળ ગામોમાં ધાબળા વિતરણ કર્યું

### કાતિલ ઠંડી સામે રક્ષણ આપવા દુર્ગમ વિસ્તારના ૧૫૦૦ બાળકોને રૂબરૂ જઈ ધાબળા આપ્યા

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારની શાળાઓના બાળકોને શિયાળાની કાતિલ ઠંડી સામે હૂંફ પુરી પાડવાના ઉદ્દેશથી વસ્ત્રદાન અને ધાબળા વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ સેવાયજ્ઞમાં આશરે ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા.

લગભગ ૧૯૯૧ થી આ વિસ્તાર સાથે સેવાસેતુથી બંધાયેલી આ સંસ્થા દ્વારા રૂબરૂ મુલાકાત લઈને વિદ્યાર્થીઓ ઉપરાંત મહિલા હોસ્ટેલોમાં રહેતી વિદ્યાર્થિનીઓએ પણ ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધાફળીયા, ડેરીયા, કલાસવા, મોહલી, કસાણા, નવીવાંક, ઉકરડી, શબરી જેવા દુર્ગમ અને પછાત વિસ્તારોની શાળાઓ, કન્યાશાળાઓ અને હોસ્ટેલોને આવરી લેવામાં આવી હતી.

આ ભગીરથ કાર્યમાં સુધીર દેસાઈ, શશિકાંત મોઢા, નિલેન્દુ વોરા અને ચંદ્રકાન્ત જોષી જેવા અગ્રણીઓએ જરૂરિયાતમંદો સુધી પ્રત્યક્ષરૂપે પહોંચી સેવાકાર્યને પાર પાડ્યું હતું. આ ઉપરાંત તેમને મેઘરજ સેવા મંડળના નંદલાલાભાઈ જોષી, મોડાસા લાયન્સ ક્લબના ડૉ. ટી.બી. પટેલ, કિરીટભાઈ સુથાર અને લાલુભાઈ આંબલીયાએ સહકાર સાંપડ્યો હતો. વસાહત મહામંડળની ટીમે આ પ્રસંશનીય કાર્ય દ્વારા ગાંધીનગરની લાગણી દૂરના અંતરિયાળ વિસ્તારના ગરીબો સુધી પહોંચાડવાનું કામ કર્યું હતું.



ગાંધીનગર શહેરનાં ૩ નંબરના માર્ગ પરથી ડબલ સવારી બાઈક પસાર થઈ રહ્યું હતું તે દરમિયાન ગ-૩ થી ઘ-૩ વચ્ચે પાછળથી બેફામ ગતિએ આવી રહેલી અલ્ટો ગાડીના ચાલકે બાઈકને પાછળથી અડફેટે લઈ લેતા બાઈક સાથે ચાલક ફંગોળાઈને માર્ગની સાઈડમાં જઈને ફેંકાયો હતો. જયારે બાઈક પાછળ બેસેલો યુવાન ઉછળીને અલ્ટો ગાડીના કાચ ઉપર પડતા કાચ તુટી ગયા હતા અને બંનેને નાની મોટી ઈજાઓ થવા પામી હતી.

રક્તદાન
મહાદાન





**શિવ વિવાહ ધામધૂમથી ઉજવાશે**

પવિત્ર ધર્નુમાસમાં ધાર્મિક કથાઓનું શહેરમાં અલગ અલગ જગ્યાએ આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સે-૨૭ ખાતે સૌ પ્રથમવાર યોજવામાં આવેલી શિવકથામાં વિવાહ ધામધૂમ પૂર્વક કરવામાં આવશે. સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાઈ રહેલી શિવકથામાં મોટી સંખ્યામાં શિવભકતો ઉપસ્થિત રહે છે. (તસવીર : દિપક જાની)

# પાટનગરના અસરગ્રસ્ત ખેડૂતોની સમિતિનું ગઠન

ગાંધીનગર, તા.૨૦
ગુજરાત રાજયની રાજધાની ગાંધીનગરની રચના જિલ્લાના ૧૪ ગામોના ખેડૂતોની જમીન સંપાદિત કરી કરવામાં આવી હતી. તેમજ આ સંપાદનમાં જમીન આપનાર ખેડૂતોને જે તે સમયે રહેણાંક પ્લોટ, દુકાન અને નોકરી એમ ત્રણ પ્રકારના લાભોમાંથી ખેડૂતની પસંદગીના કોઈ પણ બે લાભો આપવાનું નક્કી કરાયેલ હતું પણ પાટનગરની રચનાને આટ આટલા વર્ષો વિતવા છતાં હજુ પણ ખેડૂતોના પ્રશ્નો સરકારી ફાઈલોમાં અટવાઈને તેમને તેમના હક્કથી વંચિત રાખ્યા કરે છે.

આ ઉપરાંત જે સાત ગામોનો સમાવેશ પાટનગરમાં કરવામાં આવ્યો છે તેને પણ શહેરની માફક તમામ પાયાની સુવિધાઓ જેવી કે જાહેર પાકા રસ્તા, પીવા માટે નર્મદાનું પાણી, સ્ટ્રીટલાઈટ, ગટર, દવાખાના, પોલીસ રક્ષણ, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, સાફસફાઈ અને જાહેર આરોગ્ય વિષયક સેવાઓથી વંચિત રખાયા છે. આ અન્યાય સામે ખેડૂતોના અવાજને બુલંદ બનાવવા અને રાજય કક્ષાએ રજૂઆત કરવા કેસરીસિંહ બિહોલાના અધ્યક્ષ પદે ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે.

### ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા કર્મચારીઓને

# મુખ્યમંત્રી આવાસ યોજના-અમૃતમ યોજનામાં સમાવવા માંગ

### રહેણાંક પ્લોટ શક્ય ના હોય તો તૈયાર સરકારી આવાસ અને દસ લાખના તબીબી વિમા કવચની માંગણી

ગાંધીનગર, તા. ૨૦
ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિએ રાજ્ય સરકાર સમક્ષ તમામ જિલ્લાના કર્મચારીઓને પ્લોટ ફાળવવાની યોજનાના પરિપત્રો બહાર પાડવા છતાં રહેણાંક પ્લોટની ફાળવણીમાં વિલંબ તેમજ મુખ્યમંત્રી આવાસ યોજના અને તબીબી સારવાર માટેની અમૃતમ યોજના કર્મચારીઓ માટે પણ અમલી બનાવવા માંગ કરી છે.

રાજ્ય સરકારે પ્રજાને ઘરનું ઘર મળી રહે તે માટે મુખ્યમંત્રી આવાસ યોજના તેમજ તબીબી સારવાર માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના જાહેર કરેલ છે. કર્મચારી સંકલન સમિતિ દ્વારા સરકારની આ યોજનાઓને આવકારતા આ યોજનાઓના અમલીકરણમાં કટીબદ્ધતા અંગે શંકા વ્યક્ત કરેલ છે. રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટેને રહેણાંકના પ્લોટ મળી રહે તે પરિપત્રો જાહેર કરાવા છતાં તેના અમલીકરણમાં થઈ રહેલા અસહ્ય વિલંબને કારણે સમિતિએ અસંતોષ વ્યક્ત કર્યો છે. સરકારના હાથપગ સમાન કર્મચારીઓ પ્રજાનો જ એક ભાગ હોવા છતાં આ અંગે આંખ આડા કાન કરાઈ રહ્યા હોવાની લાગણી વ્યક્ત કરતા સમિતિએ કર્મચારી કલ્યાણ આવાસ યોજનામાં જાહેર કરાયેલ પ્લોટના બદલે સરકારી આવાસ બનાવી તૈયાર મકાન ફાળવવા પણ સૂચન કર્યું છે. જમીનની તંગીને કારણે કરાયેલા આ સૂચનની સાથે સાથે સમિતિએ કર્મચારીઓને અમૃતમ યોજના લાગુ પાડી રૂપિયા દસ લાખનો તબીબી વિમો આપવા પણ માંગણી કરી છે. આ ઉપરાંત ધારાસભ્યોને માત્ર પાંચ વર્ષના કાર્યકાળ માટે ૩૩૦ ચોરસ મીટરનો પ્લોટ ફાળવવામાં આવે છે. પણ આજીવન નોકરી કરતા કર્મચારીઓને કશુ આપવામાં આવતુ નથી તેવી દલીલ કરી છે. ધારાસભ્યોને વૈભવી હોસ્પિટલમાં સારવાર આપવા સામે સંકલન સમિતિએ કર્મચારીઓને ગંભીર બિમારીઓ જેવી કે કિડની કેન્સર વગેરેમાં સરકારી હોસ્પિટલ સિવાય અન્ય હોસ્પિટલમાં સારવારની મંજુરી આપવા માંગ કરાઈ છે. આ તમામ માંગણીઓ માટે ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા રાજ્ય સરકારને પત્ર લખી જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૬
સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૨૮.૮ ડિ.સે.
લઘુત્તમ : ૦૭.૯ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫,૯.૫૫
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૧.૪૦, ૫.૨૫, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૧૦, ૬.૫૫, ૧૦.૨૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
આર કુમાર : ૧૨.૧૫, ૬.૪૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સાંઈ ફાઉન્ડેશન દ્વારા વ્યવસાયિક કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે.
- હવેલી પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૫.૦૦ કલાકે.

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ સાહિત્ય પર્વ ૨૦૧૩ અંતર્ગત કવિ સંમેલન રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે.નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં વિશેષ નિર્ણય અંગે વિવાદનો યોગ. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. ધાર્મિક લોલોકો માટે અત્યંત ઉપલબ્ધિ કારક સમય છે.

**મિથુન** : વિશેષ યાત્રાઓ બાદ લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**કર્ક** : રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની. આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

**કન્યા** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ. પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**તુલા** : આર્થિક સ્ત્રોતોથી લાભ થવાની સંભાવના. ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક** : રોજગાર સંબંધી કાર્યોમાં લાભ. ભાગ્યોદયની તક મળી રહે.સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. શારીરિક સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવું.

**ધન** : માનસિક સંયમનું પાલન કરવું. બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

**મકર** : માનસિક સંયમનું પાલન કરવું. આર્થિક વિવાદોમાં વિશેષ કાર્ય. કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે.

**કુંભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મીન** : કુટુંબ- વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રા. સંતાન પક્ષ, મિત્ર વર્ગ, મનોરંજન સંબંધી કાર્યોમાં લાભ પ્રાપ્તિ. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.